મહત્તમ : ૨૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૯ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગર સહિત રાજયભરમાં હાઈએલર્ટ

ગાંધીનગર, તા.૨૬

પાકિસ્તાનના બાલકોટ, ચકોટી અને મુઝફરાબાદમાં આવેલા આંતકી કેમ્પો ઉપર ભારતીય વાયુસેના દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જેને પગલે ગાંધીનગર સહિત દેશભરના નાગરીકોમાં દેશભકિતનો માહોલ સર્જાયો છે. ત્યારે બીજી બાજુ સલામતીને ધ્યાને લઈ પાટનગર ગાંધીનગર સહિત રાજયભરમાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજયના ધાર્મિક મંદિરો, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સહિતના સ્થાનો પર પોલીસે જડબેસલાક બંદોબસ્ત ગોઠવી દીધો છે. તો બીજી તરફ રેલ્વે સ્ટેશન, એસટી ડેપો, એરપોર્ટ, સહિત ભીડભાડવાળી જગ્યામાં પોલીસે સઘન પેટ્રોલીંગ હાથ ધર્યુ છે.

ગાંધીનગર શહેર સહિત ગુજરાતભરમાં સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ત્યારે ગાંધીનગર પોલીસે શહેરમાં પ્રવેશતા તમામ એન્ટ્રી પોઈન્ટ ઉપર સઘન વાહન ચેકીંગ શરુ કરી દઈ અવર જવર ઉપર વિશેષ ધ્યાન આપવાનું શરુ કર્યું છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો -વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ખાસ તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામા પોલીસં પેટ્રોલીગમાં વધારી દેવાની સુચનાઓની સાથે તમામ એન્ટ્રી અને નાકા પોઈન્ટ પર સઘન ચેંકીગ હાથ ધરાઈ રહ્યું છે. તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ-કર્મચારીઓને રાઉન્ડ ધ કલોક એલર્ટ રહેવા ઉચ્ચકક્ષાએથી આદેશો છુટી ગયા છે.આતંકીઓના ટાર્ગેટ પર એકવાર આવી ચુકેલા શહેરના અક્ષરધામ મંદિરની પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. સચિવાલય, વિધાનસભા ઉપરાંત રાજભવન સહિતના વીવીઆઈપી સ્થળો પર પોલીસનો ચુસ્ત પહેરો ગોઠવી દેવાયો છે. શહેર અને જિલ્લામાં કોઈપણ જગ્યાએ શંકાસ્પદ પ્રવૃતિ જણાય તો તાત્કાલીક પોલીસ અધિકારીઓને પગલા ભરવા જણાવ્યું છે.પોલીસ દ્વારા પણ પોતાના બાતમીદારોને સક્રિય કરવામાં આવ્યા છે. અને કોઈપણ જગ્યાએ અનિચ્છનીય પ્રવૃતિની માહિતી આપવા જણાવ્યું છે. બીજીતરફ ઈન્ટેલીજન્સ બ્યુરોની ટીમો પણ ડબલ એકટીવ થઈ ગઈ છે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારો પરની તમામ ગતિવિધીઓ પર ગુપ્તચર શાખાઓની બાજ નજર રહેશે.

પાંચ વર્ષમાં પાટનગરમાંથી ૫૬૪ બાળકો અને ૧૩૨૧ મહિલાઓ ગુમ

ગાંધીનગર, તા.૨૬

એક તરફ સલામત ગુજરાતની સરકાર ગુલબાંગો પુકારી રહી છે ત્યારે વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની શું હાલત છે તે ઉઘાડી થવા પામી છે.

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ વિધાનસભા ગૃહમાં પ્રશ્ન પુછયો હતો કે રાજયના પાટનગર ગાંધીનગરમાંથી છેલ્લા પાંચ વર્ષમાં કેટલા બાળકો અને મહિલાઓ ગુમ થયાની ઘટના બની છે. સરકાર દ્વારા જ આપવામાં આવેલા પ્રતિ ઉત્તરમાં સ્ફોટક વિગતો બહાર આવી છે. પાટનગર ગાંધીનગરમાં છેલ્લા પાંચ વર્ષમાં ૫૬૪ બાળકો અને ૧૩૨૧ મહિલાઓ ગુમ થવાની ઘટનાઓ ઓન રેકોર્ડ છે. ૧ ઓગસ્ટ ૨૦૧૩થી ૧ જુલાઈ ૨૦૧૮ના સમયગાળા દરમિયાન ગુમ થયેલા ૫૬૪ બાળકો પૈકી ૪૯૧ બાળકો મળી ગયા છે પરંતુ ૭૩ બાળકોનો હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી તો બીજી તરફ ૧૩૨૧ મહિલાઓ પૈકી ૧૦૨૨ મહિલાઓ મળી આવી છે. એટલે કે ૨૯૯ મહિલાઓની હજુ સુધી ભાળ મળી શકી નથી. ચોંકાવનારી બાબત એ છે કે ગુમ થયેલા બાળકો-મહિલાઓ પૈકી ૨૨ બાળકો અને ૭૯ મહિલાઓ છેલ્લા બે વર્ષથી વધુ સમયથી લાપતા છે. એટલું જ નહીં ત્રણ બાળકો છ મહિનાથી વધુ સમયથી અને ૧૫ બાળકો ૧ વર્ષથી વધુ સમયથી લાપતા છે જયારે ૩૫ મહિલાઓ ૬ માસથી વધુ સમયથી અને ૬૯ મહિલાઓ ૧ વર્ષથી વધુ સમયથી લાપતા હોવા છતાં હજુ સુધી કોઈ સગડ મળ્યા નથી.

ગાંધીનગરમાં આજથી ત્રણ દિવસ સિરેમિક એક્ઝીબીશન

ગાંધીનગર, તા. ૨૬

સિરેમિક રો મટિરિયલ્સ, સિરેમિક મશીનરી અને સિરેમિક ટેકનોલોજીસ માટેનું ભારતનાં એકમાત્ર બી૨બી એક્ઝિબિશન ઈન્ડિયન સિરેમિક્સ એશિયાની ૧૪મી એડિશનનું આયોજન ૩ દિવસ માટે ૨૭ ફેબ્રુઆરી-૧ માર્ચ દરમિયાન સે. ૧૭ એક્ઝિબિશન સેન્ટર ખાતે થશે. આ એક્ઝિબિશનમાં રો મટિરિયલ્સ, એન્સિલરી ઈક્વિપમેન્ટસ, સિરેમિક મશીનરી અને રો મટિરિયલ મેન્યુફેક્ચરર્સ અને ટેકનોલોજી સપ્લાયર્સ વિશ્વભરમાંથી અને ભારતમાંથી એકત્ર કરશે.

૧૮૦૦૦ સ્કવેર મીટર્સની કુલ એક્ઝિબિશન સ્પેસમાં વિસ્તરીત ઈન્ડિયન સિરેમિક્સ ૨૦૧૯માં ૩૦૦થી વધુ વિદેશી અને ભારતીય કંપનીઓ સામેલ થશે જ્યારે આ ૩ દિવસીય શોમાં ૮૫૦૦થી વધુ ટ્રેડ વિઝિટર્સ આવવાની અપેક્ષા છે. જેમાં જોબ ફેર, વર્કશોપ્સ, ઈનોવેટિવ એક્સચેન્જ અને બાયર-સેલર મીટ પર યોજાશે.

મેસે મુન્ચેન ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ભુપિન્દર સિંઘે જણાવ્યું હતું કે અગાઉના એક્ઝિબિશનની સફળતાને આગળ ધપાવતા અમે વધુ એક રોમાંચક એડિશન લાવીને રોમાંચ અનુભવીએ છીએ જેમાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ રો મટિરિયલ અને મશીનરી સપ્લાયર્સ એક એવું પ્લેટફોર્મ સર્જશે કે જે તેમના લાંબા ગાળાના બિઝનેસ હેતુને પાર પાડવામાં મદદ કરશે.

યુનિફેર એક્ઝિબિશન સર્વિસના જનરલ મેનેજર કેન વોંગે કહ્યું હતું, 'આકર્ષક રોકાણ નીતિઓ ભારતમાં આવી રહી છે ત્યારે વિશાળ બૂથ સાથે વિદેશી કંપનીઓ મોટી સંખ્યામાં સામેલ થઈ રહી છે અને ટેકનોલોજીમાં સૌથી ઉત્તમ પ્રદર્શિત કરી રહી છે. આ હકારાત્મક બિઝનેસ આઉટલૂકનું પ્રતિબિંબ છે અને તે આ એક્ઝીબિશનનો પુરાવો છે.

આ વર્ષે આ એક્ઝિબિશનમાં ૮૫૦૦થી વધુ ટ્રેડ વિઝિટર્સ આવવાની અપેક્ષા છે. વિઝિટર પ્રોફાઈલમાં ટાઈલ્સ અને સેનિટરી વેર મેન્યુફેક્ચરર્સ, માઈન ઓનર્સ, ટેબલવેર મેન્યુફેક્ચરર્સ, બ્રિક મેન્યુફેક્ચરર્સ, સ્ટોનવેર મેન્યુફેક્ચરર્સ ટેકનોલોજી સીકર્સ અને કન્સલ્ટન્ટસ સિરેમિક ડેકોરેટિવ મેન્યુફેક્ચરર, ટેકનીકલ/એડવાન્સ સિરેમિક્સ અને ટેકનીકલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ્સ વગેરે સામેલ થશે. એક્ઝિબિશનમાં આંતરરાષ્ટ્રીય ડેલિગેશન્સ નેપાળ, શ્રીલંકા, બાંગ્લાદેશ તેમજ મિડલ ઈસ્ટ અને આફ્રિકન દેશોમાંથી સામેલ થશે.

સિરેમિક્સ એપ્લિકેશન વર્કશોપનું આયોજન ૨૮ ફેબ્રુઆરીએ થશે જે એક અસરકારક પ્લેટફોર્મ છે જેમાં ટેકનીકલ સિરેમિક્સ કમ્પોનન્ટસની ક્ષમતા ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતો તેમના ઊંડા ઈન્ડસ્ટ્રી અનુભવ ટેકનોલોજી ડેવલપમેન્ટ, એનેલિટિક્સ અને પ્રોડક્ટ ડિઝાઈન પર આપશે. જે વિવિધ ઈન્ડસ્ટ્રીયલ યુઝર સેગમેન્ટસની આવશ્યકતાને અનુસરે છે.

એક અનોખો વર્કશોપ-રેડ ઈઝ ગ્રીન-એ આઈબાર્ટ એક્સ્પોનું ઈનિશિયેટિવ છે જે ૨૮ ફેબ્રુઆરીએ યોજાશે જેમાં લાલ ઈંટોના સપ્રોટમાં દલીલો રજૂ કરાશે કેમ કે તે સસ્ટેનેબલ વોલિંગ મટિરિયલ છે અને એન્ડ યુઝર્સને ઈન્ડસ્ટ્રીના આ પાસાના લાભ વિશે જાગૃત કરાશે.

ગુજરાત સાહિત્ય અકાદમીના ગૌરવ પુરસ્કારની જાહેરાત

ગાંધીનગરના બે સાહિત્યકારોનો સમાવેશ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય ગૌરવ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે તેમજ એક યુવા ગૌરવ પુરસ્કાર પણ જાહેર કરાયો છે. આ પુરસ્કારોમાં ગાંધીનગરના બે સાહિત્યકારો મોહમ્મદ માંકડ અને ડૉ. આલોક ગુપ્તનો પણ સમાવેશ થાય છે.

ગુજરાત સાહિત્ય અકાદમી તથા તેની સાથેની હિન્દી અને કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિ વર્ષ એક મૂર્ધન્ય સાહિત્યકારને રૂ. ૧ લાખનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર તેમજ એક યુવા સાહિત્યકારને રૂ ૫૦ હજારનો યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે સમિતિના નિર્ણયાનુસાર જે સાહિત્યકારોને આ પુરસ્કારો માટે પસંદ કરાયા છે તેમાં બે ગાંધીનગરના સાહિત્યકારોનો પણ સમાવેશ થાય છે. જાહેર કરાયેલા પુરસ્કારોમાં સાહિત્ય ગૌરવ પુરસ્કાર વર્ષ ૨૦૧૮ માટે મોહમ્મદ માંકડને તથા વર્ષ ૨૦૧૯ માટે ડૉ. મણિલાલ હ. પટેલને એનાયત કરાશે. યુવા ગૌરવ પુરસ્કાર વર્ષ ૨૦૧૭ માટે જીગર જોષી 'પ્રેમ' અને વર્ષ ૨૦૧૮ માટે સાગર શાહની પસંદગી કરાઈ છે. હિન્દી સાહિત્ય અકાદમીના સાહિત્ય ગૌરવ પુરસ્કાર વર્ષ ૨૦૧૧ માટે ડૉ. જે.જે. ત્રિવેદી, ૨૦૧૪ માટે યોગેન્દ્રનાથ મિશ્ર, ૨૦૧૬ માટે વીરેન્દ્ર નારાયણસિંહ અને વર્ષ ૨૦૧૮ માટે ડૉ. આલોક ગુપ્તની જયારે કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય ગૌરવ પુરસ્કાર માટે ડૉ. પ્રભાશંકર ફડકેની પસંદગી કરવામાં આવી છે. તમામ વિજેતા સાહિત્યકારોને જાહેર સમારંભ યોજી પુરસ્કૃત કરાશે.

ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળ દ્વારા મુખ્યમંત્રીને આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટર મોટી

સંખ્યામાં હાજર રહ્યા હતા અને પોતાના પડતર પ્રશ્નોનો ઉકેલ ના આવતા ધરણા યોજીને સરકાર સામે મોરચો માંડ્યો હતો. વીસીઈની મુખ્ય માંગણીઓમાં ગુજરાત રાજયની તમામ ગ્રામ પંચાયતોમાં ગ્રામ કોમ્પ્યુટર સાહસિક ઓપરેટરની જગ્યા ઉભી કરવા અને મંજુર કરવા અને તે જગ્યા ઉપર ફરજ બજાવતા વીસીઈને જોઈનીંગ તારીખથી સળંગ ગણી નોકરીમાં ચાલુ રાખવા અને કાયમી ધોરણે નિમણુંક આપવા તેમજ કર્મચારીઓને મળે છે તે તમામ પ્રકારના લાભો આપવા માટે ગુજરાત રાજય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળ દ્વારા રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે. જો રાજય સરકાર કોમ્પ્યુટર ઓપરેટર માટે હકારાત્મક વલણ નહીં દાખવે તો તા. ૧ માર્ચથી ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટરો બ્લેકપટ્ટી ધારણ કરીને ફરજ બજાવશે.

રાજય સરકારે ઈ ગ્રામ યોજના અન્વયે રાજયના ૧૩૭૦૦ અને તેથી વધુ ગામડાની પંચાયતોમાં સુવિધા પુરી પાડી કોમ્પ્યુટર ઓપરેટરની છેલ્લા ૧૦ વર્ષથી ભરતી કરી છે. જેને પગલે છેવાડાના ગામડાના નાગરીકોને સરકારી સુવિધા જન્મના દાખલા, જી.ઈ.બી.બીલ સ્વીકારવા, રેવન્યું રેકર્ડ ઉપલબ્ધ કરાવવા, ચુંટણીલક્ષી કામગીરી કરી રહ્યા છે. વીસીઈમાં કરવામાં આવેલી ભરતીમાં ૪૦ ટકા બહેનોનો સમાવેશ થાય છે. સામાન્ય વેતનમાં વીસીઈ કર્મચારીઓને પોતાના પરિવારનું ભરણ પોષણ કરવું મુશ્કેલ બન્યું છે. મોંઘવારીમાં કર્મચારીઓ સંકળામણ અનુભવી રહ્યા છે. તો બીજી તરફ કર્મચારીઓની વય મર્યાદા પણ પુરી થઈ ગઈ છે. ત્યારે ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટરોની જગ્યા ઉભી કરવામાં આવે અને જે કર્મચારીઓ ફરજ બજાવે છે. તે કર્મચારીઓને નોકરી પર રાખવા સહિતના પડતર પ્રશ્નો અંગે ગુજરાત રાજય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળ દ્વારા રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

જીઈબી, ઈન્દ્રોડા અને ગોકુળપુરામાં ટી.બી.અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ગાંધીનગર ખાતે ચાલતા આરએનટીસીપી કાર્યક્રમ અંતર્ગત ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબી મુકત ભારત માટે આહ્વાન કર્યું છે. તેને અનુલક્ષીને ટીબીના રોગ અંગેની નાગરીકોમાં જાગૃતિ આવે તે અંતર્ગત ભવાઈ અને નાટક કાર્યક્રમ તા. ૨૫ ફેબ્રુઆરીથી તા. ૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં ગાંધીનગર મ્યુનિ.કોર્પોરેશનના વિસ્તારમાં તા. ૨૭, ૨૮ ફેબ્રુઆરી અને તા. ૧ માર્ચના રોજ બપોરે ૨ કલાકે જીઈબી છાપરા, ઈન્દ્રોડા અને ગોકુલપુરા ખાતે કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ ટીબી જાગૃતિ અંગે નાટક અને ભવાઈ જે જગ્યાએ યોજાશે તેના સ્થાનિક ફિમેલ હેલ્થ વર્કર અને અન્ય કર્મચારીઓ પણ હાજર રહેશે. જયારે ટી.બી. જાગૃતિ અંગેનો કાર્યક્રમ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના રીદ્રોલ, પડુસ્મા અને દેલવાડામાં ભવાઈ ને નાટકના કાર્યક્રમ યોજીને નાગરીકોને ટીબી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાશે

વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી, ગાંધીનગર કેમ્પસ ખાતે 'થેરાપીઊટીક ટેપિંગ' વિષય પર વર્કશોપ



સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ની વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી, ગાંધીનગર કેમ્પસ ખાતે 'થેરાપીઊટીક ટેપિંગ' વિષય પર વર્કશોપ નું આયોજન તા. ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ હતું. આ વર્કશોપ માં મુખ્ય અતિથિ તરીકે ડો. સંજીવ કુમાર ઝા, કાર્યકારી પ્રમુખ, ઈન્ડિયન એસોસિયેશન ઑફ ફિઝિયોથિપીસ્ટ હાજર રહ્યા હતા.

આ વર્કશોપ યોજવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ ને ટેપિંગ પદ્ધતિઓ, તેઓ ના વિવિધ ઉપચારો માં કરવામાં આવતો ઉપયોગ, રમતો દરમિયાન થતી ઈજાઓના પ્રકારો અને તેની સારવાર અંગેની માહિતી અને નવી તકનીકો વિશે જાણકરી આપવાનો અને આ તકનીકોનો ઉપયોગ કરીને ગતિશીલતા અને જીવનની ગુણવત્તા વધારી ને ઈજા અથવા સ્થિતિ માટે સૌથી યોગ્ય સારવાર પહોંચાડવા માટેનો હતો.

આ વર્કશોપ માં ડૉ. સંજીવ કુમાર ઝા એ અસ્થિબંધન ઈજા, ખભામાં થતી ઈજા, ચહેરાનો લકવો, પગની ઘૂંટી ની ઈજા વિગેરે વિષે વિસ્તૃત માં માહિતી આપી હતી અને ઈજા થાય તો પ્રેક્ટિકલ રીતે ટેપિંગ પદ્ધતિ નો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે નમૂનો બતાવી ને સમજાવ્યું હતું. આ વર્કશોપ માં વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વર્કશોપથી વિદ્યાર્થીઓ એમઈટી, એમએફઆર અને થ્રેપ્યુટિક ટેપિંગ અને સારવારની વિવિધ પદ્ધતિ વિશે વાકેફ થયા હતા.

વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી ના પ્રિન્સિપાલ, ડો. અરવિંદ ચૌહાણે જણાવ્યું હતું કે, આજના સમયમાં, ફિઝિયોથેરાપી ફિલ્ડમાં કારકિર્દીની ખુબ જ તકો રહેલી છે પરંતુ વિદ્યાર્થીઓ ને તેની પૂરતી જાણકારી હોતી નથી. આ પ્રકારના વર્કશોપ કરવાથી, વિદ્યાર્થીઓ માં પ્રેક્ટિકલ જ્ઞાનમાં વધારો તો થાય જ છે તે ઉપરાંત તેઓ નવી દિશા માં વિચારવાનું શરુ કરે છે. ફેકલ્ટી સભ્યો, ડૉ. સોહેલ કાદરી, ડૉ. કૃપા સુથાર અને ડૉ. હિરેન દામોરે આ કાર્યક્રમ દરમિયાન સક્રિયપણે યોગદાન આપ્યું હતું અને સમારંભ સમારંભમાં બધા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર સમર્પિત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરમાં બે દિવસ શાસ્ત્રીય અને સુગમ ગીતોનો સંગીત જલસો

રાજસ્થાન તેમજ મુંબઈના આંતરરાષ્ટ્રીય કલાકારો શાસ્ત્રીય ગાયન, વાદન અને નૃત્યોની પ્રસ્તુતિ કરશે

ગાંધીનગર, તા.૨૬

એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત ગુજરાત રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા આગામી બે દિવસ ૨૮ ફેબ્રુઆરીના રોજ સિવિલ સ્થિત મેડીકલ ઓડીયોરિયમ ખાતે અને ૧ માર્ચના રોજ સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમમાં ગુજરાત અને રાજસ્થાનના આંતરરાષ્ટ્રીય કલાકારો, મુંબઈ અને કલકત્તા ફેમ કલાકાર તથા જુદી જુદી કલા સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય કલાકારોની વ્યકિતગત પ્રસ્તુતિ દ્વારા શાસ્ત્રીય ગાયન, વાદન અને નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવશે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા ૨ દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ સિવિલ હોસ્પિટલ સ્થિત મેડીકલ ઓડીટોરિયમ ખાતે એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત ગુજરાત અને રાજસ્થાનના આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા ભવ્ય સંગીત જલસાનું આયોજન કરાયું છે. આ ઉપરાંત રીયાલીટી ટીવી શો સારેગામા અને વોઈસ ઓફ ઈન્ડિયા ફેઈમ કલા વિભુષણ સુશ્રી શ્રધ્ધા શ્રીધરાણી અને તેમનું વૃંદ ગુજરાતી સુગમ અને શાસ્ત્રીત ગીતો રજુ કરશે. રાજસ્થાનના ગફુરખાન માંગણીયાર અને તેમનું વૃંદ પ્રખ્યાત રાજસ્થાની હીન્દી ગીતો સાથે વાદ્યોની જુગલબંધી પણ રજૂ કરશે.

શાસ્ત્રીય સંગીત સમારોહ તા. ૧ માર્ચના રોજ સે-૧૭ના ટાઉનહોલ ખાતે રાત્રે ૮.૩૦ વાગ્યે યોજાશે. જેમાં ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મીંગ આર્ટસના કલાકારો દ્વારા સમૂહ ગાયન, સપ્તક સ્કૂલના કલાકારો દ્વારા સમૂહવાદન, જે.જી. પરફોર્મિંગ આર્ટસ કોલેજના કલાકારો દ્વારા સમૂહ શાસ્ત્રીય નૃત્ય તથા પ્રસિધ્ધ કલાકાર વિરાજ અમર દ્વારા શાસ્ત્રીય ગાયન અને આંતરરાષ્ટ્રીય કલાકાર પંડિત અનિન્દો ચેટર્જી દ્વારા તબલા વાદનની પ્રસ્તુતિ કરવામાં આવશે.

આ કાર્યક્રમો જાહેર જનતા માટે વિના મૂલ્યે પ્રસ્તુત કરવામાં આવશે. આ કાર્યક્રમ માટેના પ્રવેશ પાસ જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી સહયોગ બિલ્ડીંગ, ૬ઠ્ઠે માળેથી અથવા પ્રણવભાઈ પંડયા, સહાયક નિયામક મો.નં. ૮૩૨૦૩૭૦૨૮૯ તેમજ મયંકભાઈ દવે મો.નં. ૯૪૨૬૦૨૨૭૨૬ પાસેથી મળી શકશે. પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. તમામ કલારસિક જનતાને પધારવા યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત રાજય તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

ગાંધીનગરના રહેવાસી યશવંત શાંતિલાલ દોશી દ્વારા જમ્મુ કાશ્મીરના પુલવામા માં આતંકી હુમલામાં શહીદ થયેલ સીઆરપીએફના પરિવારજનો માટે રૂ. ૫૦૦૦નો ચેક જિલ્લા કલેકટર કચેરીને જમા કરવામાં આવ્યો હતો તે પ્રસંગની તસવીર.

કડી કેમ્પસમાં ઝેનેસીસ અન્વયે વિવિધ ૩૭ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

કડી સર્વ વિદ્યાલય સંચાલિત એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ સે-૧૫ દ્વારા વિદ્યાર્થીઓની આંતરિક શકિતઓને ઉજાગર કરવાના હેતુથી નેશનલ લેવલના ઝેનેસીસ (XENESIS-2019)નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ટેકનિકલ અભ્યાસક્રમની સાથે સંકળાયેલ રોબોરેસ ગુગલ ફલટર જેવી ૩૭ સ્પર્ધાઓમાં ભાગ લેશે.

એલડીઆરપી ઈન્સ્ટિટયુટ દ્વારા યોજાનાર જેનેસીસ કાર્યક્રમમાં ગુજરાત સહિત અન્ય રાજયો સંચાલિત ટેકનીકલ કોલેજોમાંથી ૯૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાશે અને કુલ ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લશે. ટેકનીકલ અભ્યાસક્રમની સાથે સંકળાયેલ એરો ગ્લાઈડ, ઓટો વર્કશોપ, રોબો રેસ, કોર્ડ બુસ્ટર, ગુગલ ફલટર, ઈનોવેટીવ પ્રોજેકટ એક્ષપો, લાઈન ફોલોવર, રોબો શોકર, રોબો બોલીંગ, ડેર ટુ ડ્રાઈવ, ડાઈ હાર્ડ, બિલ્ડ એક્ષ, ટાઉન એક્ષ, લોગો જોન, ફોટો જોન વગેરે જેવી ૩૭ સ્પર્ધાઓ ઝેનેસીસ-૨૦૧૯ માં આવરી લેવામાં આવેલ છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જોનાસીસ એનરીસ એન્ડ મેનેજમેન્ટ બેંગ્લોરના ડાયરેકટર હરેશભાઈ પટેલ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ, સર્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ કનુભાઈ પટેલ, એલડીઆરપીના આચાર્ય અને યુનિ.ના ડાયરેકટર ડૉ. ગાર્ગીબેન રાજપરા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

રૂપાલ ખાતે ખેડૂતો માટે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

ધી રૂપાલ સહકારી મંડળી લિમિટેડ, ઈફકો અને નારદીપુર જુથ અને વિવિધ કાર્યકારી સહકારી મંડળના સંયુકત ઉપક્રમે ખેડૂત દિવસ, જમીન પરીક્ષણ પત્રક, કિસાન કેડિટ કાર્ડ અને કૃષિ સાધનનો સંવર્ધન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓ દ્વારા પાણીમાં દ્રવ્ય ખાતરો, જૈવિક ખાતરો, સમતોલ આહાર વપરાશ અંગેનું માર્ગદર્શન સાથે જમીન આરોગ્ય પત્રકના ફાયદાઓ અંગે માહિતી આપાઈ હતી. આ પ્રસંગે ઈફકોના ફિલ્ડ ઓફિસર રવિ સોજીત્રા, ઈફકો એમસીના ટેરેટરી મેનેજર નિપુલ પટેલ, રૂપાલ સેવા સહકારી મંડળના ઉપપ્રમુખ બળદેવભાઈ પટેલ, મેનેજર કૌશિકભાઈ પટેલ, નારદીપુર સેવા સહકારી મંડળના પ્રમુખ અમૃતભાઈ પટેલ, મેનેજર રમણભાઈ પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.